<u>ફોજદારી પરચુરણ અરજી નં ૧૨૫૪૫/૨૦૨૬</u>

**<u>અમરોલી પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુના.રજી.નં ૧૭૯૯/૨૦૨૬, પ્રોહી એકટની કલમ ૬૫ એ,એ, મુજબના કામે આરોપીઃ (૧)ગીતાબેન રતિલાલ રાઠોડ ની જામીન અરજી લગત હુકમ :</u>**

(૧) આરોપી તરફે જામીન અરજી રજુ કરતા જામીન અરજી વંચાણે લીધી, આરોપીના વિ.વકીલ શ્રીને તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ફરીયાદ વંચાણે લીધી.

(૨) આરોપીના વિ.વકીલશ્રીએ અરજીમાં જણાવ્યા મુજબની રજુઆત ધ્યાને લઈને આરોપીને જામીન મુકત કરવા તેઓએ અરજ ગુજારેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ જામીન અરજી લગત વાંધો લેતા યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલી છે.

(૪) બંને પક્ષકારોની લંબાણપુર્વક રજુઆત ધ્યાને લીધી, ફરીયાદ વંચાણે લેતા તેમજ રજુ થયેલ સમગ્ર રેકર્ડ જોતાં આ કામના આરોપી સામે **પ્રોહી એકટની કલમ <u>૬૫ એ,એ,</u>** મુજબનો પાત્ર ગુનો કર્યાનો આક્ષેપ છે. આરોપી સામેના ફરીયાદ મુજબના આક્ષેપો ધ્યાને લેતાં તેમાં મહત્તમ સજાની જોગવાઈ ધ્યાને લેતા, ભા.ના.સુ.સં.ની કલમ– ૪૭૮ જોતા તથા જામીન અરજીના તબકકે નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર વિવિધ નામદાર હાઈકોર્ટના તે લગત ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતાં, આરોપીની ઉંમર, આરોપીની કુંટુંબ પ્રત્યેની જવાબદારી, રહેવાસી, તથા મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ હોય, કેસ ચાલતા સમય જાય તેમ હોય, ફરીયાદપક્ષના કેસની હકીકત અને આરોપી સામેના ગુનાની ગંભીરતા ધ્યાને લેતા, તથા હાલના આરોપીની ટ્રાયલ વખતે હાજરી વિગેરે હકીકતોને લક્ષમાં લેતા આરોપીને આ તબકકે શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

હાલના કામના આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

આરોપીએ રૂા. ૧૫૦૦૦–૦૦ જાત જામીન રજુ કર્યેથી સદર ગુનામાં નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો :–</u>

( ૦૧ ) અરજદાર– આરોપીએ ટ્રાયલ દરમીયાન કોર્ટમાં નિયમીત હાજર રહેવું.

( ૦૨ ) અરજદાર / આરોપી પોતાના ઓળખ અંગેના દસ્તાવેજી પુરાવા સાથે પોતાના રહેણાંકનું તથા કામ ધંધાનુ સરનામુ, ફોન નંબર, મોબાઈલ નંબર તથા રહેઠાણના પુરાવા સહિત સોગંધ ઉપર જાહેર કરવુ અને અત્રેની અદાલતની પુર્વ પરવાનગી વગર તેમાં ફેરફાર કરવો કરાવવો નહી.

આ કામના આરોપીએ ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ કરશે તો સદર આપવામાં આવેલ જામીનનો હુકમ આપોઆપ રદ રદ ગણવો.

સદર હુકમ આજરોજ તા. **૨૭/૦૭/૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. **૨૭/૦૭/૨૦૨૬**
સ્થળ –સુરત.

( નરેન્દ્રકુમાર જોષી)
ત્રીજા જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,સુરત
કોડ નં જી.જે.૦૧૪૫૪